# ગણેશ ઉત્સવની તૈયારીઓ શરૂ : માટીના ગણપતિમાં પંચ તત્વો

## માટી એટલે પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ આ તત્વોથી જ આપણું શરીર બને છે : માટીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવાથી તેમાં ભગવાનનો અંશ આવે છે





ગાંધીનગર, તા. ૨૩ ઓગષ્ટની સમાપ્તિએ એટલે કે ૩૧મી ઓગષ્ટથી દસ દિવસનો ગણેશ ઉત્સવ શરૂ થવા જઈ રહ્યો છે.

ઘર-ઘરમાં ગણપતિજીની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. ત્યારે ઘરમાં સ્થાપિત કરવા માટે પૂજા માટે પર્યાવરણના રક્ષણને જોતા માટીથી બનેલી ગણેશ પ્રતિમા સૌથી સારી રહે છે. આ પ્રતિમાઓ પાણીમાં સરળતાથી પીગળી જાય છે.

જ્યારે પ્લાસ્ટર ઓફ પેરિસથી બનેલી પ્રતિમાઓ પાણીમાં ઓગળતી નથી. એટલે ઘરમાં માટીથી બનેલી ગણેશ પ્રતિમા જ બિરાજિત કરવી જોઈએ.

ગણેશ ચતુર્થી ઉત્સવમાં એક અઠવાડિયાનો સમય બાકી છે. માટીના ગણેશ બનાવવા માટે પૂરતો સમય છે. જેથી આ દિવસોમાં મૂર્તિ બનાવવા માટે અને તેને સૂકવવા માટેનો પૂરતો સમય મળી રહેશે. તે પછી મૂર્તિની સુંદરતાને રંગોથી પણ નિખારી શકાય છે.

જ્યોતિષશાસ્ત્રમાં માટીથી બનેલી પ્રતિમાની પૂજા શ્રેષ્ઠ જણાવવામાં આવી છે. માટીથી બનેલી પ્રતિમામાં પંચ તત્વ સમાયેલાં રહે છે. માટી એટલે પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ આ પાંચેય તત્વોથી જ આપણું શરીર બને છે અને આ પંચ તત્વોથી મળીને જ માટીની ગણેશ પ્રતિમા બને છે.

### માટીના ગણેશજી બનાવવાની રીત


માટીને ભેગી કરીને સાફ જગ્યાએ રાખો, તેમાંથી કાંકરા, પથ્થર, ઘાસ કાઢીને એમાં હળદર, ઘી, મધ, ગાયનું ગોબર અને પાણી મિક્સ કરીને પિંડ બનાવી લો. ત્યારબાદ ઓમ ગં ગણપત્યે નમઃ મંત્ર બોલીને ગણેશજીની સુંદર મૂર્તિ બનાવો. માટીથી બનેલી ગણેશ પ્રતિમાની પૂજા કરવાથી કરોડો યજ્ઞનું ફળ મળે છે.

### માટીના ગણેશજીનું મહત્વ

- શિવપુરાણમાં શ્રીગણેશ જન્મની કથામાં ઉલ્લેખવામાં આવ્યું છે કે દેવી પાર્વતીએ પુત્રની ઈચ્છાથી માટીનું એક પૂતળું બનાવ્યું હતું, પછી શિવજીએ એમાં પ્રાણ ઉમેર્યા હતા. તે જ ભગવાન ગણેશ હતા.
- શિવ મહાપુરાણમાં ધાતુની જગ્યાએ પાર્થિવ અને માટીની મૂર્તિને જ મહત્વ આપવામાં આવ્યું છે.
- લિંગપુરાણ પ્રમાણે સમડા કે પીપળાના વૃક્ષની જડની માટીથી મૂર્તિ બનાવવી શુભ મનાય છે આ સિવાય ગંગા તીર્થ અને અન્ય પવિત્ર જગ્યાએથી માટી લઈ શકાય છે.
- ભવિષ્ય પુરાણમાં સોના, ચાંદી અને તાંબાથી બનેલી મૂર્તિઓ સાથે જ માટીની મૂર્તિને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. આ સિવાય વિશેષ વૃક્ષના લાકડામાંથી બનેલી મૂર્તિઓ પણ પવિત્ર માનવામાં આવે છે.

# સે. ૬માં પોલીસ સ્ટેશન પાસેના શૌચાલયને તાળાબંધી અને બાજુમાં નર્કાગાર.......!!

## ઉભરાતી ગટરને કારણે જાહેર શૌચાલયને ઘણાં દિવસથી તાળા બંધી : આસપાસની ઝુંપડપટ્ટીમાં રહેતા અને કડીયાનાકાના શ્રમિકોમાં બિમારીઓનું જોર વધ્યું : શ્રમિકો પલાયન કરવા મજબૂર બની રહ્યાં છે.

ગાંધીનગર તા.૨૩

શહેરના સે.૬માં પોલીસ સ્ટેશન પાછળના જાહેર શૌચાલય ખાતે ગટરની સાફ-સફાઈમાં બેદરકારીના કારણે તે વિસ્તારમાં નર્કાગારની સ્થિતિ સાથે દુર્ગંધનું સામ્રાજ્ય સર્જાઇ ગયું છે. અહીં શ્રમિકો જણાવી રહ્યાં છે કે આસપાસની ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતાં પરિવારો આ શૌચાલયનો ઉપયોગ કરે છે પરંતુ તંત્ર દ્વારા ગટરની નિયમિત અને યોગ્ય સફાઈ કરાતી ના હોવાથી ઉભરાતી ગટરને કારણે આ શૌચાલય નજીક નર્કાગાર બની ગયાં છે. અનેક શ્રમિકો અને તેમના બાળકો સહિત પરિવારજનો બિમારીનો ભોગ બન્યાં છે અને અહીંથી શ્રમિકોને પલાયન કરવાનો વારો આવ્યો છે. આ નર્કાગારની સ્થિતિને કારણે આસપાસની નાગરિક વસાહતો અને શોપિંગ સેન્ટર વિસતારમાં પણ રોગચાળાનું જોખમ તોળાઇ રહ્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારને "સ્માર્ટ સિટી" બનાવવાની વાતો બહ ચાલે છે પરંતુ શહેરમાં જાહેર શૌચાલયો "સ્માર્ટ" તો બની શક્યા નથી બલ્કે "ઉપયોગી" કહી શકાય તેવાં પણ જોવા નથી મળતાં ત્યારે વહીવટીતંત્રની કામગીરી પર શહેરીજનોને નિરાશા થાય તે સ્વાભાવિક છે. શહેરમાં ઘ-૫ ફુડ કોર્ટનું શૌચાલય હોય, સે.૨૧માં સરકારી પેટ્રોલ પંપ નજીક ગેસ કંપનીની કચેરીની સામે બગીચા આગળ બનાવાયેલું જાહેર શૌચાલય હોય કે મીના બજારનું શૌચાલય હોય પરંતુ તેની જાળવણી અંગે અનેકવાર ફરિયાદો ઉઠતી રહે છે. અત્યારે સેક્ટર-૬માં છેલ્લાં કેટલાંક દિવસોથી ઉભરાતી ગટરલાઇનના કારણે પોલીસ સ્ટેશન પાછળના જાહેર શૌચાલયને તાળાબંધી કરી દેવાઇ છે જ્યારે બાજુમાં જ ઉભરાયેલી ગટરને કારણે નર્કાગાર જેવી સ્થિતિ સર્જાવા પામી છે અને આ ગંદકીની સ્થિતિને કારણે આસપાસની ઝુંપડપટ્ટી તેમજ કડીયાનાકાના શ્રમિકોમાં બિમારીઓનું જોર વધી જવા પામ્યું છે. અનેક શ્રમિકો પોતાની ઝુંપડી તેમજ રોજગારી બંને છોડીને વતન પરત ફરવા મજબૂર બન્યાં છે પરંતુ તંત્ર પાસે ગટર ઉલેચવાનો પણ વિવેક જણાતો નથી.

### ગટર ઉભરાતી હોવાથી શૌચાલય બંધનું પાટીયું મુકાયું

સે.૬ના જાહેર શૌચાલયની બહાર એક પૂંઠા પર હાથેથી "ગટર ભરાઇ ગઇ છે અહીં આવશો નહીં તેમજ બંધ છે." તેવું લખાણ લખેલું પાટીયું મુકી દેવાયું છે અને આ સ્થિતિમાં ઘણા દિવસથી શૌચાલયને તાળાબંધી કરી દેવાઇ છે. આમ તો મહાનગરપાલિકા વિસ્તારના દરેક જાહેર શૌચાલય પર શૌચાલય આઇડી, તેનું સંચાલન કરનાર, સેનેટરી ઈન્સ્પેક્ટર તેમજ સુપરવાઈઝરનું નામ અને સંપર્ક નંબર સહિતની વિગતો દર્શાવવી જરૂરી છે જે માટે અહીં પણ બોર્ડ લગાડાયું છે પરંતુ તે બોર્ડ પરનું લખાણ ભુંસાઇ ગયેલું છે જેના કારણે એક પણ વિગત સ્પષ્ટ વંચાતી નથી તેથી શૌચાલયની સમસ્યા અંગે કોનો સંપર્ક કરવો તે પણ જાણવું મુશ્કેલભર્યુ બન્યું છે.

### ઉભરાતી ગટરની સફાઇ કરાવો : બબીબેન અને મીરાબેન

સે.૬માં સત્યાગ્રહ છાવણી પાસેના જાહેર શૌચાલય પાસેની ઉભરાતી ગટરને કારણે ભારે ગંદકીના થર જોવા મળી રહ્યાં છે જેના કારણે આ સ્થળે ગંદકીના કારણે માખી-મચ્છરો જેવા જીવ જંતુઓનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે જે શ્રમિકોના જાહેર આરોગ્ય માટે ખતરો પેદા થઈ રહ્યો છે. સત્વરે આ ગટરની સાફસફાઈ કરવામાં આવે તેવી અહીં વસતાં શ્રમિકોની માંગ છે કેમકે શૌચાલય બંધ થઇ ગયું હોવાથી તેમને બગીચા પાસેના કે ઘ-૨ સર્કલ પાસેના શૌચાલયે જવું પડે છે ત્યાં લાઈન વધુ લાગતી હોવાથી શૌચાલયના કર્મચારીઓ ના પાડી દે છે જેના કારણે ના છુટકે તેમને ખુલ્લાંમાં શૌચક્રિયા કરવા મજબૂર બનવું પડે છે તેવું આ ગટર નજીકની ઝુંપડીઓમાં રહેતાં બબીબેન અને મીરાંબેન નામની શ્રમિક મહિલાઓએ જણાવ્યું હતું.

# શ્રાવણના છેલ્લાં સોમવારે પંચદેવ મંદિરે શિવજીની ભસ્મ આરતી યોજાઇ



ગાંધીનગર, તા. ૨૩

પવિત્ર શ્રાવણ માસ એટલે ભગવાન ભોળાનાથની આરાધનાનો માસ અને તેમાં પણ સોમવાર એટલે તો મહાદેવનો વાર. સમગ્ર શ્રાવણ માસમાં શહેરના શિવાલયોમાં ભાવિકોની ભીડ રહે છે પરંતુ સોમવારે તો શ્રધ્ધાળુઓ ભોળાનાથની વિશેષ પૂજા-અર્ચના કરે છે, આ દિવસે મહાદેવના મંદિરોમાં પણ વિશેષ શણગાર કરવામાં આવતો હોય છે અને મહાઆરતી જેવા આયોજનો કરાય છે. ભગવાન શિવના ૧૨ જ્યોર્તિલિંગ પૈકી એક ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરે મહાદેવજીને કરાતી ભસ્મ આરતી જગવિખ્યાત છે. આ તર્જ પર ગાંધીનગરના સેકટર-૨૨માં નગરદેવતા પંચદેવ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે ધામધૂમથી ભસ્મ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ ભાગ લઈ દર્શનનો લાભ લીધો હતો અને હર હર મહાદેવના નાદથી સમગ્ર પંચદેવ મંદિર સંકુલ ગજવી મુક્યું હતું.

# કૃષિ સંલગ્ન વિવિધ વ્યવસાયોના માર્ગદર્શન માટે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે "અમૃત મહોત્સવ પર શ્રેષ્ઠ સંકલ્પ - શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" (પંચ પ્રકલ્પ) યોજના અમલમાં મુકવામાં આવી છે. તેના વિવિધ વિષયો પૈકી ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી પણ એક અગત્યનો વિષય સામેલ કરવામાં આવ્યો છે.

ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ કરતા યુવાનોને ફક્ત પરંપરાગત સંસ્થાઓમાં નોકરી મેળવવા પાછળની દોટ કે પરંપરાગત ક્ષેત્રો કે ઉદ્યોગોના ક્ષેત્રોમાં ઝંપલાવવાના બદલે સમયની માંગ મુજબ કૃષિ ક્ષેત્રે કૃષિ સંબંધિત સાહસોમાં પૂરતા અને પદ્ધતિસરના માર્ગદર્શન સાથે આગળ વધવા માંગતા હોય તેવા યુવા વિદ્યાર્થીઓ કે જેઓ "Young Agri Entrepreneur" (યુવા કૃષિ ઉદ્યોગ સાહસિક તરીકે) ઉભરી આવવા માંગતા હોય તેવા મિત્રોને તેઓનું વિઝન સ્પષ્ટ બને સાચી દિશા પ્રાપ્ત થાય, સંભવિત ક્ષેત્રો વિશેની જાણકારી આપી શકાય તે માટે પ્રથમ પ્રયાસના ભાગરૂપે યુવાનોને માર્ગદર્શન આપવા માટે વર્કશોપનું આયોજન કરાયુ છે. ખેત પૈદાશની મુલ્ય-વૃધ્ધિ માટે પ્રોસેસિંગ થકી નવા નવા ઉત્પાદનો બનાવવા, ઓર્ગેનિક પદ્ધતિ અને ટીસ્યુ કલ્ચર આધારિત ખેતી કરવી, કોલેજકક્ષાએ નવા નવા અભ્યાસક્રમો વિકસાવવા જેવા રસ્તાઓ અપનાવી શકાય તે માટે આ વર્કશોપ યોજાયો છે. મુખ્ય ખેતી સાથે સંકળાયેલી અન્ય તકનીક જેમકે મધમાખીની ખેતી, હાયડ્રોપોનીક્સ, ઔષધીય પાકોની ખેતી અપનાવવાથી પણ ખેડૂતોની આવક વધારી શકાય છે. મૂલ્યવર્ધિત મસાલા-ખાદ્યતેલોનું ઉત્પાદન અને ખેતીમાં ડ્રોન તકનીકના ઉપયોગથી ખેત પેદાશનું ઉત્પાદન અને ખેડૂતોની આવક વધારી શકાય. સમગ્ર ગુજરાત રાજ્યમાંથી ૧૧૦ સરકારી અને ૧૪ ગ્રામ વિદ્યાપીઠ સંસ્થાઓએ એગ્રી આંત્રપ્રિન્યોર્સ વર્કશોપમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે.

# સિદ્ધાર્થ લો કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા મુદ્દે એબીવીપીનું હલ્લાબોલ...



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતેની સિદ્ધાર્થ લો કોલેજમાં પ્રવેશ પ્રક્રિયામાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરોએ હલ્લાબોલ કર્યું હતું. એબીવીપીના શહેર એકમના હોદ્દેદારો અને કાર્યકરોએ મળીને કોલેજમાં પ્રિન્સિપાલ ઓફિસમાં પંહોચી જવાબ માંગવા સાથે સુત્રોચ્ચાર કર્યા હતા.

# ધોળાકુવા ખાતે પાર્થેશ્વર મહાદેવના નીતનવા શણગાર



ગાંધીનગર, તા.૨૩

પવિત્ર શ્રાવણ માસે ભાવિક ભક્તો થાય તેટલી ઉપાસના થકી દેવાધિદેવ મહાદેવજીને પ્રસન્ન કરવાની જહેમતે લાગી જતા હોય છે ને ભોળા શંભુ પોતાની જટાથી જેમ ગંગા વહાવે છે તેમ ભક્તો પર કૃપા વરસાવે છે.



ગાંધીનગરના પ્રવેશદ્વારે આવેલ ધોળાકુવા ગામે દર વર્ષની માફક આ વર્ષે પણ ગામ ભાગોળે આવેલ ચંચળ માતાજીના મંદિરે આખાય શ્રાવણ માસ દરમિયાન ચિકણી માટી, અબિલ, ગુલાલ અને રંગબેરંગી પુષ્પો થકી વિવિધ પ્રકારની આકૃતિઓ દ્વારા પાર્થેશ્વર મહાદેવજીની શિવ ઉપાસના કરવામા આવી રહી છે.

અત્રે નોંધપાત્ર બાબત એજ કે મંદિરના પુજારીજી નીરવભાઈ પાઠક, તેઓના ધર્મ પત્ની, તેમના માત-પિતા અને ગામના બે સેવાભાવી ભકતો વિષ્ણુજી અભરાજજી ઠાકોર તથા ભુપતજી એ. ઠાકોર વહેલી પરોઢે ત્રણ-ચાર વાગ્યાના સુમારથી જ શિવલિંગ બનાવવાની જહેમતે વળગી શિવભકતોના આગમન ટાણે નિત્ય નવા દર્શનનો લ્હાવો આપી રહ્યા છે.



જન્માષ્ટમીના શુભ પર્વ નિમિત્તે સેક્ટર-૨૧ ખાતે આવેલ હવેલીમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન થયું હતું જેમાં વિજેતાઓને વૈષ્ણવ યુથ ઓર્ગેનાઈઝેશનના યુથ પ્રમુખ ડો.હાર્દિક તલાટીએ વીવાયઓ પ્રભારી જશવંત ગાંધી, વીવાયઓ શહેર પ્રમુખ ડો. પ્રદીપ ગગલાનીની ઉપસ્થિતિમાં બાલકૃષ્ણની સ્મૃતિ આપીને બિરદાવવામાં આવ્યાં હતા.